આંક	:	**૧૮**		
દાખલ તારીખ	:	૧૪	૦૮	૨૦૨૪
નિકાલ તારીખ	:	**૩૦**	**૦૬**	**૨૦૨૬**
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
કુલ	:	૦૧	૧૦	૧૬

મે.ના.શ્રી પાંચમાં અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.

ક્રિમીનલ અપીલ નંબર – ૨૬૯/૨૦૨૪

એપેલેન્ટ : ૧) હાર્દીક નરેન્દ્રભાઈ નિરંજની
(મૂળ આરોપી) ઉ.વ.૩૬, ધંધો : વેપાર,
રહે.મ.નં.૧, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી–૨,
રતનપર રોડ, સુરેન્દ્રનગર.

વિરૂધ્ધ

રીસ્પોન્ડન્ટ : ૧) પ્રમોદકુમાર સ્વામીનાથ
(મૂળ ફરિયાદી) ઉ.વ.૩૪, ધંધો : વેપાર,
રહે.એ/૫૦૪,નેનો સિટી–૨,
સરગાસણ, તા.જિ.ગાંધીનગર.

૨) શ્રી સરકાર

બાબત : ક્રિ.પ્રો.કોડની કલમ : ૩૭૪ અન્વયે ગાંધીનગરના ત્રીજા એડી.ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટ ક્રિમી.કેસ નં.૪૨૧૦/૨૦૨૩ માં કરેલ સજાના હુકમ સામે અપીલ અરજી.

એપેલેન્ટ તરફે	:	વિ.વ.શ્રી એસ.પી.છાપીયા
રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે	:	વિ.વકીલ શ્રી. કે.એમ.અંજારીયા
રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે	:	વિ.સરકારી વકીલ શ્રી.પી.ડી.વ્યાસ

:: <u>ચુકાદો</u> ::

૧) ફોજદારી કેસ નંબર–૪૨૧૦/૨૦૨૩ ના કેસમાં વિદ્વાન ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ગાંધીનગર દ્વારા આરોપી હાર્દિક નરેન્દ્રભાઈ નિરંજનીને નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮ ના ગુના માટે દોષિત ઠરાવવામાં આવ્યા અને સજા ફરમાવવામાં આવી તે હુકમથી નારાજ થઈને આરોપીએ આ અપીલ દાખલ કરેલી છે.

૨) વિદ્વાન કોર્ટે જે હુકમ કર્યો છે તે નીચે મુજબનો છે :

– આરોપી હાર્દિક નરેન્દ્રભાઈ નિરંજનીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૨૫૫(૨) મુજબ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮ ના ગુના માટે દોષિત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને રૂ.૧૪,૪૦,૦૦૦/– દંડ નો હુકમ કરવામાં આવ્યો છે જો દંડની રકમ ન ચૂકવે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

– આ ઉપરાંત ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ : ૩૫૭(૩) પ્રમાણે આરોપીએ ભરેલા દંડની રકમમાંથી ફરિયાદી પ્રમોદકુમાર સ્વામીનાથને રૂ.૧૪,૩૦,૦૦૦/– વળતર તરીકે ચૂકવવાનો અને રૂ.૧૦,૦૦૦/– પ્રોસીક્યુશન ખર્ચ પેટે જમા લેવાનો હુકમ કરવામાં આવ્યો છે.

૩) વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાલેલા કેસની ટૂંકમાં વિગત રજૂ થયેલા પુરાવાઓની ટૂંકમાં વિગત :

૩.૧) વિદ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ જે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી તેમાં ફરિયાદીનું કહેવું એમ હતું કે આરોપી તેનો મિત્ર થતો હતો કારણ કે આરોપીની સાથે ફરિયાદી સને ૨૦૧૪ સુધી કોઈ કંપનીમાં સાથે નોકરી કરતા હતા. આ મિત્રતાને કારણે આરોપીને પહેલા રૂા.૩,૦૦,૦૦૦/- ત્યારબાદ રૂા.૫,૦૦,૦૦૦/- અને છેલ્લે રૂા.૫,૦૦,૦૦૦/-. આમ, કુલ રૂા.૧૩,૦૦,૦૦૦/- અંગત બચતમાંથી ઉછીના આપ્યા હતા. આ રકમ આરોપીએ પરત ન કરી તેથી ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં અરજી દાખલ કરી હતી. જેમાં આરોપી હાજર થયો હતો અને ત્યાં આરોપીએ ફરિયાદીની સાથે સમાધાન કરી લીધું હતું. નોટરી રૂબરૂ સ્ટેમ્પ પેપર પર લખાણ કરી આપ્યું હતું અને ત્યારે એવું નક્કી કર્યું હતું કે, આરોપી તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ ચેકથી અથવા રોકડેથી રૂા.૧૩,૦૦,૦૦૦/- ચૂકવી દેશે. આ સમાધાનના અનુસંધાને આરોપીએ ફરિયાદીને રૂા.૩,૦૦,૦૦૦/- નો પોતાની HDFC વઢવાણ શાખાની બેંકનો ચેક આપ્યો હતો. આ ચેક ફરિયાદીએ બેંકમાં જમા કરાવ્યો પરંતુ અપૂરતા ભંડોળના શેરાથી પરત આવ્યો. તેથી ફરિયાદીએ આરોપીને નોટિસ મોકલી તેમ છતાં રકમ પરત ન કરી. તેથી આ કેસ દાખલ કર્યો. ફરિયાદીએ તેની ફરિયાદના સમર્થનમાં આરોપીએ કરી આપેલું નોટરી રૂબરૂનું લખાણની નકલ, આરોપીએ ફરિયાદીએ આરોપીને બેંક દ્વારા પૈસા મોકલ્યા હતા તે દર્શાવતા બેંક સ્ટેટમેન્ટની નકલ, ફરિયાદવાળો અસલ ચેક, બેંકનો રીટર્ન મેમો, નોટિસની સ્થળપ્રત, નોટિસ રજિસ્ટર પોસ્ટ આઈ.ડીથી

મોકલી હતી તેની અસલ રસીદ, ટ્રેકિંગ રિપોર્ટ વગેરે દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે. આ ઉપરાંત પોતાની ફરિયાદની હકીકતો સોગંદનામા દ્વારા રજૂ કરેલી સર તપાસમાં જણાવી છે.

૩.૨) આરોપી તરફથી ફરિયાદીની ઉલટ તપાસ લેવામાં આવી. તેમાં એવું ખુલવા પામ્યું કે, ફરિયાદીએ આરોપીને કયા ધંધા માટે આ રૂપિયા મોકલ્યા હતા તે હકીકત ફરિયાદમાં જણાવી નથી. આરોપીને લાખ અને રૂા.૩,૦૦,૦૦૦/– આપ્યા, તેનો કોઈ દસ્તાવેજી પુરાવો નથી. પોલીસને તા.૧૦/૧૨/૨૦૨૨ ના રોજ જે અરજી કરી હતી, તેની નકલ આ કેસમાં રજૂ કરી નથી.

– એવા સજેશનનો ઇનકાર કર્યો છે કે, પોલીસ સ્ટેશનમાં ચેક આપવા માટે આરોપીને દબાણ કરીને ચેક લઈ લીધો. ફરિયાદીએ સ્વેચ્છાએ એવું જણાવ્યું છે કે, કોર્ટમાં કરાર કરી આપ્યો હતો અને આ ફરિયાદવાળો ચેક આરોપી ઘરે આવીને આપી ગયો હતો.

– વધુમાં ફરિયાદીએ જણાવ્યું છે કે, તે ઇન્કમટેક્સ રિટર્ન ભરે છે. ફરિયાદીએ ઈન્કમ ટેક્સ રિટર્નની નકલ રજૂ કરવાની પણ તૈયારી બતાવી અને ઈન્કમ ટેક્સ રિટર્નના નકલ ઉલટ તપાસ દરમિયાન રજૂ પણ કરી છે. વધુમાં ફરિયાદીએ જણાવ્યું છે કે, આરોપી સાથે થયેલા વ્યવહારની એન્ટ્રી ઈન્કમ ટેક્સ રિટર્નમાં બતાવી નથી. જે લખાણ રજૂ કર્યું છે તે કયા નોટરી પાસે કરાવેલું તે ખબર નથી. એવા સજેશનનો ઇનકાર કર્યો છે કે, ચેકનો દુરુપયોગ કરીને આ ખોટી ફરિયાદ દાખલ કરેલી છે.

૩.૩) આરોપી તરફથી તેમના બચાવના સમર્થનમાં કોઈ સાક્ષી તપાસવામાં આવ્યા નથી. આરોપીએ પોતે પણ સોગંદ ઉપર પુરાવો આપ્યો નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો પણ આરોપીએ રજૂ કર્યો નથી.

– ઉપરોક્ત રીતે રજૂ થયેલા પુરાવાને ધ્યાને લઈને વિદ્ધાન ટ્રાયલ કોર્ટે આરોપીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮ ના ગુના માટે દોષિત માન્યો છે.

૪) **<u>દલીલો</u> :**

૪.૧) આ અપીલ સંદર્ભે એપેલેન્ટના વિદ્ધાન વકીલશ્રીએ રજૂઆત કરેલી છે કે, વિદ્ધાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે હુકમ વ્યાજબી અને કાયદેસરનો નથી. વિદ્ધાન ટ્રાયલ કોર્ટ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં હકીકતોની સાબિતી માનવામાં ભૂલ કરેલી છે. પુરાવાનું અર્થઘટન કરતી વખતે પણ ઉલટ તપાસમાં બહાર આવેલી મહત્વની હકીકતો વિચારણામાં લીધી નથી. ફરિયાદીએ રૂા.૧૩,૦૦,૦૦૦/– આપ્યા હોવાની હકીકત જણાવી, પરંતુ કઈ તારીખે કેવી રીતે ક્યારે રકમ આપી તે અંગે ફરિયાદ કે સોગંદનામા ઉપરની જુબાનીમાં જણાવ્યું નથી. બીજો કોઈ પણ પુરાવો રજૂ કર્યો નથી. વધુમાં, તા.૨૫/૦૫/૨૦૨૩ ના રોજ નોટિસ મોકલી પરંતુ આ નોટિસ આરોપીને મળી હોય તેવું દર્શાવતો કોઈ પણ પુરાવો રજૂ થયેલો નથી જે પોસ્ટ ખાતાનો ટ્રેકિંગ રિપોર્ટ રજૂ કર્યો છે, તે પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ સાબિત થયેલો નથી. જે રકમ માટે આ ચેક આપવામાં આવ્યો હોવાનો ફરિયાદીનો કેસ છે તે કાયદેસર રીતે વસૂલ લેવાપાત્ર લેણી રકમ હતી તેવું દર્શાવતો પુરાવો પણ રજૂ થયેલો નથી. તે સંજોગોમાં વિદ્ધાન ટ્રાયલ કોર્ટે

આરોપીને દોષિત માનવામાં હકીકત અને કાયદાની ભૂલ કરેલી હોય, અપીલ મંજૂર કરવા અને વિદ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ સેટ–એસાઇડ કરવા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા માટે વિનંતી કરેલી છે.

૪.૨) ફરિયાદી તરફે વિદ્વાન વકીલ શ્રી દ્વારા આંક–૧૫ થી લેખિત સ્વરૂપે રજૂઆત કરવામાં આવેલી છે. જેમાં મુખ્યત્વે જણાવ્યું છે કે, વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે તે બિલકુલ યોગ્ય છે. ફરિયાદીએ ફરિયાદની હકીકતો પુરાવો રજૂ કરીને સાબિત કરેલી હતી આરોપી ફરિયાદીના મિત્ર થતા હતા. ૨૦૧૯–૨૦ ના વર્ષમાં ધંધા માટે નાણાની જરૂરિયાત હોવાનું કહીને રૂા.૧૩,૦૦,૦૦૦/–ની માંગણી કરી હતી. ફરિયાદીએ પોતાની અંગત બચતમાંથી તા.૨૬/૦૨/૨૦૧૯ ના રોજ રૂા.૩,૦૦,૦૦૦/– તેમજ રૂા.૫,૦૦,૦૦૦/– સને ૨૦૧૯ ની સાલમાં ઓનલાઇન ચૂકવેલા અને બીજા રૂા.૫,૦૦,૦૦૦/– ૨૦૨૦ ની સાલમાં ચૂકવ્યા હતા. આમ, કુલ રૂા.૧૩,૦૦,૦૦૦/– ફરિયાદીએ આરોપીને આપ્યા હતા. થોડા વખતમાં આ પૈસા આપી દેશે તેવી ખાતરી અને ભરોસો આપ્યો. પરંતુ પૈસા પાછા આપ્યા ન હતા. અને તે બદલ આરોપી વારંવાર વાયદા કરતા હોય પૈસા આપતા ના હોય ઇનપોસિટી પોલીસ સ્ટેશનમાં તા.૧૦/૧૨/૨૦૨૨ ના રોજ ફરિયાદીએ અરજી પણ કરેલી હતી. ત્યાં આરોપી હાજર થયા અને આરોપીએ તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ પ્રોમિસરી નોટનું લખાણ નોટરી રૂબરૂ કરી આપેલું, જે લખાણ પણ કોર્ટમાં રજૂ કર્યું છે. આ ઉપરાંત આરોપીએ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ નો એક ચેક રૂા.૧૩,૦૦,૦૦૦/–ની રકમનો

આપ્યો હતો. તે પણ રજૂ કરવામાં આવેલો છે. આ ચેક બેંકમાં રજૂ કરતા બેંકમાંથી વણ ચૂકવ્યે પરત થયેલો છે, જેની નોટિસ આરોપીને ઈસ્યુ કરવામાં આવેલી છે. નોટિસ બજી જવા છતાં આરોપીએ પૈસા ચૂકવ્યા નથી. તેથી આ ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે. ફરિયાદીએ દસ્તાવેજી પુરાવાઓથી હકીકતો સાબિત કરેલી છે. આ ઉપરાંત ઉલટ તપાસમાં આરોપીએ જે પ્રશ્ન પૂછ્યા તેના આધાર ઉપર પણ ફરિયાદીએ રજૂ કરેલી હકીકતો ઉપર કોઈ શંકા ઉદભવતી નથી. તે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે, તે બિલકુલ યોગ્ય હોય તેમાં કોઈ હસ્તક્ષેપ જરૂરી નથી. તેથી આરોપીની અપીલ નામંજૂર કરી આરોપીને જેલમાં મૂકવા વિનંતી કરેલી છે.

૫) આ અપીલના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે :

:: <u>મુદ્દા</u> ::

૫.૧) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટે રજૂ થયેલા પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં કોઈ ભૂલ કરી છે?

જવાબ : નકારમાં.

૫.૨) શું આરોપી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરવામાં સફળ રહ્યા છે?

જવાબ : નકારમાં.

૫.૩) શું આરોપીને ફરિયાદ દાખલ કરતા પહેલા વિધિવત નોટિસની બજવણી કરવામાં આવી છે?

જવાબ : હકારમાં.

૫.૪) શું વિદ્વાન ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવા પાત્ર છે?

જવાબ : નકારમાં.

૫.૫) શું હુકમ?

જવાબ : આખરી હુકમ મુજબ.

૬) :: કારણો ::

૬.૧) ઉપરોક્ત મુદ્દાઓની વિગતવાર ચર્ચા શરૂ કરતાં પહેલાં પુરાવાનું મૂલ્યાંકન કઈ રીતે કરવું જોઈએ, તે સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમની હકીકતોની સાબિતી માટેની જોગવાઈઓ લક્ષમાં રાખી છે. ભારતીય પુરાવા અધિનિયમ એવું કહે છે કે હકીકતોનું અસ્તિત્વ છે અથવા નથી, તેના નિર્ણય ઉપર પહોંચતી વખતે સામાન્ય બુદ્ધિમતા ધરાવતો વ્યક્તિ તેની સમક્ષ રજૂ થયેલા પુરાવાઓ અવલોક્યા પછી જે નિર્ણય ઉપર પહોંચે, તે પ્રમાણે જ કોર્ટે પણ નિર્ણય કરવાનો છે.

૬.૨) આરોપી સામે ફોજદારી કેસ ચાલી રહ્યો છે તે સંદર્ભે ફોજદારી વિધિશાસ્ત્ર એવું કહે છે કે, આરોપી સામે વ્યાજબી શંકાથી પર કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષના માથે છે. આરોપી ચાહે તો સમગ્ર ટ્રાયલ દરમિયાન મૌન રહે, કંઈ પણ ન કહે, કોઈ પુરાવો રજૂ ન કરે. છતાં આક્ષેપ પુરવાર કરવાની બધી જ જવાબદારી ફરીયાદ પક્ષની છે. અહીં મહત્વનો શબ્દ **વ્યાજબી શંકા** છે. ફરીયાદપક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા મૌખિક પુરાવાની આરોપી તરફથી ઉલટતપાસ લેવામાં આવી હોય તેના દ્વારા જો ફરિયાદ પક્ષના પુરાવા ઉપર વ્યાજબી શંકા ઉત્પન્ન કરવામાં આરોપી પક્ષ સફળ થાય

તો આરોપી તેનો લાભ મેળવે છે. શરત એટલી છે કે, ઉત્પન્ન કરવામાં આવેલી શંકા **વ્યાજબી** હોવી જોઈએ. તર્ક એવો વિષય છે કે, જેના દ્વારા કોઈપણ હકીકતને સાચી અથવા ખોટી બતાવી શકાય. તેથી જે તર્ક રજૂ કરવામાં આવે તે તર્ક વ્યાજબી શંકા ઉત્પન્ન કરે છે કે માત્ર હકીકતોને ખૂબ લંબાણપૂર્વક ખેંચીને જુદો અર્થ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તેનો નિર્ણય ન્યાયાધીશે કરવાનો રહે છે. આ રીતે મૂલ્યાંકન કરતી વખતે કોઈ એક વ્યક્તિનો મૌખિક પુરાવો અને તેણે ઉલટ તપાસમાં કહેલી હકીકતો જ નહીં પરંતુ અન્ય સાક્ષીઓના મૌખિક પુરાવા તથા અન્ય દસ્તાવેજી આધારો રજૂ થયા હોય તે તમામને ધ્યાનમાં રાખતા જો એવું લાગે કે વ્યાજબી શંકા ઉપસ્થિત થઈ રહી છે તો તેનો લાભ આરોપીને મળે.

૬.૩) કાયદાની આ પરિસ્થિતિ અને નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને લેતા, રજૂ થયેલો પુરાવો જોવામાં આવે તો, સૌપ્રથમ, એ નોંધવા પાત્ર છે કે ફરિયાદીએ અસલ ચેક રજૂ કર્યો છે. આ ચેક બેંકમાં રજૂ કરવામાં આવ્યો હતો, અપૂરતા ભંડોળના શેરાથી પરત થયો હતો. તે બેંકનો રિટર્ન મેમો પણ રજૂ કર્યો છે. આ ચેક આરોપી દ્વારા નિભાવવામાં આવતા બેંક ખાતામાંથી ઇશ્યુ કરવામાં આવેલો ચેક છે, તેવું આરોપીએ પણ નકાર્યું નથી. આ ચેકની ઉપર આરોપીની સહી છે, તેવું પણ આરોપીએ નકાર્યું નથી. તે સંજોગોમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ : ૧૧૮ અને ૧૩૯ મુજબ અનુમાન કરવા માટે જે જરૂરી આવશ્યકતાઓ છે તે આ કેસમાં પરિપૂર્ણ થાય છે. અને તેથી, ફરિયાદીની તરફેણમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૧૮ અને ૧૩૯

મુજબના અનુમાનો આકર્ષિત થાય છે. હવે આ ચેક કાયદેસરના લેણી રકમની જવાબદારી માટે આપવામાં આવેલો ચેક ન હતો કે કોઈ વેલિડ કન્સીડરેશન માટે આપવામાં આવેલો ચેક ન હતો તે હકીકત બતાવવાની જવાબદારી આરોપીના માથે આવી જાય છે. આરોપીએ આ અનુમાનનું ખંડન કરવા માટે કોઈ પુરાવો આપ્યો નથી. ફરિયાદીની ઉલટ તપાસ કરી તેમાં જે હકીકતો ખુલવા પામી તેમાં માત્ર એટલું સામે આવ્યું કે ફરિયાદીએ આરોપીને રૂા.૩,૦૦,૦૦૦/-, પછી બીજી વખત રૂા.૫,૦૦,૦૦૦/- અને ત્રીજી વખત રૂા.૫,૦૦,૦૦૦/- મોકલ્યા તે દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર રજૂ કર્યો નથી. આની સામે રજૂ થયેલા પુરાવા જોવામાં આવે તો બેંકનું સ્ટેટમેન્ટ જે નકલ છે તે રજૂ કરવામાં આવ્યું છે તે જોતા લગભગ રૂા.૯,૯૫,૫૦૦/- જેટલી રકમ ફરિયાદીએ આરોપીને ટ્રાન્સફર કરી તેટલી નોંધ આ સ્ટેટમેન્ટમાં છે. દલીલ ખાતર માનીએ કે, આવું સ્ટેટમેન્ટ ફરિયાદીએ રજૂ જ ન કર્યું હોત તો પણ જ્યારે અસલ ચેક રજૂ કરવામાં આવ્યો છે અને ચેક ઉપર આરોપીની સહી છે. આરોપીના બેંક ખાતાનો ચેક છે તેવું પુરવાર થયું છે તેથી રજૂ થયેલો ચેક ફરિયાદીએ આરોપીને નાણાં ઉછીના આપ્યા હતા તેવું બતાવવા માટે પર્યાપ્ત છે. આરોપીનો એવો કોઈ કેસ નથી કે કોઈ ખાસ સંજોગોમાં આરોપીનો ચેક ફરિયાદીની પાસે પહોંચી ગયો અને તેનો આરોપીએ ફરિયાદીએ દુરુપયોગ કર્યો. ફરિયાદી બેન્ક સ્ટેટમેન્ટ રજૂ કરીને એવું બતાવી શક્યા કે રૂા.૧૦,૦૦,૦૦૦/- જેટલી રકમ ફરિયાદીએ આરોપીને ટ્રાન્સફર કરી હતી. આ ઉપરાંત એ પણ નોંધપાત્ર છે કે, ફરિયાદી અને આરોપી વચ્ચે નોટરી રૂબરૂ એક લખાણ થયેલું છે. આ લખાણમાં પણ એવો ઉલ્લેખ છે કે જેમાં

આરોપી સ્વીકારે છે કે, તેણે ફરિયાદીને રૂા.૧૩,૦૦,૦૦૦/- ચૂકવવાના છે. આ લખાણ આ કેસમાં રજૂ થયેલું છે. તે સંજોગોમાં રૂા.૧૩,૦૦,૦૦૦/- આરોપીએ ફરિયાદીને ચૂકવવાના હતા તે હકીકત સાબિત થાય છે.

૬.૪) વધુમાં, એવું બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો કે, પોલીસ સ્ટેશનમાં પોલીસના દબાણથી આરોપી પાસેથી ચેક લઈ લેવામાં આવ્યો. તે સંદર્ભે જે પ્રશ્ન પૂછ્યો તેના જવાબમાં એવી હકીકતો સામે આવી કે ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી અને તે અરજીના કામમાં આરોપીને બોલાવવામાં આવ્યો ત્યાર પછી સમાધાન થયું છે. પરંતુ જે સમાધાનનું લખાણ આ કેસમાં રજૂ કરવામાં આવ્યું છે, તે લખાણ પોલીસ સ્ટેશનમાં થયું ન હતું પરંતુ કોર્ટમાં નોટરી રૂબરૂ થયું હતું તેવું ફરિયાદીએ ઉલટ તપાસના જવાબમાં કહ્યું અને આ ફરિયાદ દાખલ કરી તે ચેક આરોપી ફરિયાદીના ઘરે આવીને આપી ગયો હતો તેવું પણ ફરિયાદીએ ઉલટ તપાસમાં કહ્યું.

– આમ, જે લખાણ થયું ત્યાર પછી લગભગ ચાર-પાંચ મહિનાના સમયગાળા પછી આ ફરિયાદ વાળો ચેક આરોપીએ ફરિયાદીને આપ્યો તેવું જણાઈ રહ્યું છે. તે સંજોગોમાં પોલીસે દબાણ કર્યું અને તેથી આરોપીએ આ ચેક આપ્યો તેવી વાત માની શકાય તેવી નથી.

– વધુમાં દલીલ ખાતર એવું માનીએ કે, પોલીસ ફરિયાદ દાખલ થઈ તે પછી આરોપીને પોલીસે બોલાવ્યો અને તેથી આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો. પરંતુ ખરેખર આ રીતે ઘટના બની હોત તો પણ એક વખત ચેક દબાણવશ આપી દીધા પછી આરોપી તેની પાસેથી દબાણ કરીને આ ચેક લખાવી લેવામાં આવ્યો છે તેવું પોતાની ફરિયાદ રજૂ કરીને કહી શક્યા હોત

અથવા બેંકમાં પણ આ પ્રમાણે કોઈ અરજી આપીને રજૂઆત કરી શક્યા હોત. પરંતુ આરોપીએ આવી કોઈ કાર્યવાહી કરી નથી. ઉપર જણાવ્યુ તેમ ડિસેમ્બર મહિનાના અરસામાં આ ફરિયાદ દાખલ કરવામાં આવી તેવું ફરિયાદીએ કહ્યું. જાન્યુઆરી મહિનામાં સમાધાનનું લખાણ કરવામાં આવ્યું અને ચેક છેક મે મહિનાની સાતમી તારીખે આપવામાં આવ્યો છે. આમ, બળજબરીપૂર્વક લખાણ કરવામાં આવ્યું હોવાની વાત માની શકાય તેવી નથી.

૬.૫) વધુમાં, ફરિયાદીએ આ ફરિયાદ દાખલ કરતા પહેલા આરોપીને નોટિસ મોકલી હતી. તેમ છતાં આરોપીએ તેનો કોઈ જવાબ રજૂ કર્યો નથી. તે સંજોગોમાં નોટિસના જવાબમાં પોતાનો બચાવ રજૂ કર્યો ન હોવાથી આરોપી હવે ઉલટ તપાસના માધ્યમથી જે પ્રશ્ન પૂછે છે તે બચાવ આરોપીને ઉપલબ્ધ થતો નથી નામદાર સુપ્રીમ કોર્ટે **Sanjabij Tari v. Kishore S. Borcar (2025 INSC 1158 / AIJEL-SC-75934)** ના ચુકાદામાં આ બાબત પ્રસ્થાપિત કરેલી છે.

૬.૬) વધુમાં, આરોપી તરફથી એવો બચાવ લેવામાં આવ્યો કે, નોટિસની બજવણી યોગ્ય રીતે કરવામાં આવી નથી. આ ફરિયાદ દાખલ કરતા પહેલાં નોટિસ આરોપીને મળવી જોઈએ તે અનિવાર્ય શરત છે જેનું પાલન થયું નથી. આ નોટિસ આરોપીના ઘરના કયા સભ્યને મળી મળી કે કેમ તે પણ ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ સાબિત કરવામાં આવ્યો નથી. આ સંદર્ભે ફરિયાદ પક્ષે જે પુરાવો રજૂ કરવામાં આવ્યો છે તે જોવામાં આવે તો નોટિસની સ્થળપ્રત રજૂ થયેલી છે. આ ઉપરાંત, આ નોટિસ રજીસ્ટર પોસ્ટ એડી.થી મોકલવામાં આવી હતી, તે દર્શાવતી

આર.પી.એડીની અસલ રસીદ પણ રજૂ કરેલી છે સાથે–સાથે પોસ્ટ ખાતાનું વેબસાઈટ ઉપર આર.પી.એડી થી મોકલેલી ટપાલ ટ્રેક કરી શકાતી હોય છે અને તેનો રિપોર્ટ જનરેટ થતો હોય છે તેની પ્રિન્ટ આઉટ રજૂ કરેલી છે. આ પ્રિન્ટ આઉટ પુરાવા અધિનિયમની જોગવાઈ પ્રમાણે સાબિત કરી નથી, તેવી રજૂઆત લઈને આરોપી આવ્યા છે. આ સંદર્ભે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૩૮ ની જોગવાઈઓ સાથે સાથે જનરલ ક્લોઝીસ એક્ટની કલમ : ૨૭ ની જોગવાઈઓ જોવામાં આવે તો ફરિયાદી માટે નોટિસ મોકલવાની અનિવાર્યતા તેમણે અનુસરી છે તે બતાવવા માટે ફરિયાદીએ આરોપીને તેના સાચા સરનામા ઉપર રજીસ્ટર પોસ્ટ એડી. થી સમય મર્યાદામાં નોટિસ મોકલી આપી હતી તેટલું બતાવવું પર્યાપ્ત છે અને તે હકીકત ફરિયાદીએ નોટિસ રજૂ કરીને તથા રજિસ્ટર પોસ્ટ એડી. ની અસલ રસીદ રજૂ કરીને પુરવાર કરી છે. તેથી ભલે પોસ્ટ ખાતાના ટ્રેકિંગ રિપોર્ટ અંગે બીજો કોઈ પુરાવો રજૂ થયેલો નથી. માત્ર પ્રિન્ટ આઉટ છે તેટલા માત્રથી કોઈ શંકા ઉપસ્થિત થતી નથી.

– અહીં નોટિસ મોકલવાની જે અનિવાર્યતા કાયદા દ્વારા ઠરાવવામાં આવી, તેના ઉદ્દેશ તરફ પણ દ્રષ્ટિપાત કરવો જરૂરી છે. નોટિસ મોકલ્યા પછી જ ફરિયાદ દાખલ થઈ શકે, તેવા પ્રોવિઝન મૂકવા પાછળનો ઉદ્દેશ એવો છે કે જો નોટિસ આપ્યા પછીના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ફરિયાદીને ચૂકવી દે તો પછી આગળ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને ત્યાં આ વિવાદનો અંત આવી જાય છે. તેથી ફોજદારી પ્રોસીડિંગ શરૂ થતાં પહેલાં આરોપીને એક તક મળી રહે તે હેતુથી નોટિસ આપવાની જોગવાઈ

મૂકવામાં આવેલી છે. અહીં આરોપીને ચેક રિટર્ન થયા બદલની નોટિસ ઇશ્યૂ કર્યા પછી આ કેસ દાખલ કર્યો તેમાં આરોપી હાજર થયા, હાજર થયા પછી પણ આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ચૂકવી આપવાની કોઈ તૈયારી બતાવી નથી. તે સંજોગોમાં 'મને નોટિસ મળી ગઈ હોત તો મેં પૈસા ભરી દીધા હોત', તેવો આરોપીનો કોઈ બચાવ જ નથી. તે સંજોગોમાં નોટિસ મળી નથી, તે વાત આરોપીને મદદરૂપ થતી નથી.

૭) ઉપરોક્ત સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે રજૂ થયેલા પુરાવાનું યોગ્ય રીતે જ મૂલ્યાંકન કર્યું છે અને વિદ્વાન ટ્રાયલ કોર્ટ એવા તારણ ઉપર પહોંચી છે કે ફરિયાદીનું આરોપી પાસેથી તેર લાખનું કાયદેસરનું વસૂલવા પાત્ર લેણું હતું. તે બદલ આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો હતો. આ ઉપરાંત એવું પણ પૂરવાર થયું છે કે, નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ : ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનનું ખંડન આરોપી પક્ષ કરી શક્યો નથી. આરોપી દ્વારા ઉલટ તપાસમાં જે પ્રશ્નો પૂછવામાં આવ્યા કે કઈ તારીખે રકમ આપવામાં આવી હતી? કેવી રીતે આપી હતી? વગેરે પ્રશ્નોનું મહત્વ રહેતું નથી. ખાસ કરીને, જ્યારે આરોપીના બેંક ખાતામાંથી ઇશ્યુ કરેલો ચેક આરોપીએ ફરિયાદીને આપ્યો હોવાની વાત ફરિયાદીએ પૂરવાર કરી હોય ત્યારે આ પ્રશ્નોનું ખાસ મહત્વ રહેતું નથી. કયા ધંધા માટે આરોપીને ચેક આપવામાં આવ્યો હતો તે ફરિયાદમાં લખ્યું નથી. તેટલા માત્રથી પણ કોઈ શંકા ઉપસ્થિત થતી નથી.

– તેથી વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે હુકમ કર્યો છે, તે હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવા પાત્ર નથી તેવું મારું માનવું થાય છે. સબબ નીચે મુજબનો આખરી હુકમ કરું છું :

:: <u>આખરી હુકમ</u> ::

૧) આરોપીની આ અપીલ આથી **નામંજૂર** કરવામાં આવે છે.

૨) વિદ્વાન ટ્રાયલ કોર્ટે ક્રિમિનલ કેસ નંબર–૪૨૧૦/૨૦૨૩ ના કેસમાં જે ચુકાદો આપવામાં આવ્યો છે, તે બહાલ રાખવામાં આવે છે.

૩) આરોપી દ્વારા અપીલના તબક્કે સજાનો હુકમ સ્ટે કરતી વખતે રજૂ કરેલા બેલ બોન્ડ આથી રદ કરવામાં આવે છે.

૪) આરોપીને વિદ્વાન ટ્રાયલ કોર્ટે જે સજાનો હુકમ કર્યો છે, તે મુજબની સજા ભોગવવા માટે વિદ્વાન ટ્રાયલ કોર્ટે આરોપી વિરૂધ્ધ સજા વોરંટ ઈશ્યુ કરી, આગળની કાર્યવાહી કરવી.

૫) આ હુકમની એક ખરી નકલ આરોપીને વિનામૂલ્યે આપવા માટે વિ.ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

૬) આ હુકમની એક ખરી નકલ કેસ રેકર્ડના હેતુ માટે વિદ્વાન ટ્રાયલ કોર્ટને રેકર્ડ અને પ્રોસીડિંગ સાથે તરત જ મોકલી આપવી.

આ હુકમ આજરોજ તારીખ : **૩૦** મી, માસ–**જૂન, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Dated:30/06/2026 **[Virendrasinh Gemalsinh Rana]**
Place:- Gandhinagar. 5th Additional Sessions Judge,
//M.D.C// Gandhinagar. <u>GJ00964</u>